**શું બેન્કોમાંની મારી થાપણો સુરક્ષિત છે?**

હા, વીમા ની મર્યાદા સુધી. ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા થતા નિયમન, દેખરેખ, અને થાપણ વીમા બદલ આભાર કે જેને લીધે થાપણો સુરક્ષિત છે

**ઓહ, તમે જાહેર ક્ષેત્રની બેન્કોનો ઉલ્લેખ કરતા લાગો છો !**

ભારતમાં કાર્યરત જાહેર ક્ષેત્ર, ખાનગી ક્ષેત્ર, સહકારી અને વિદેશી બેંકો , એલ.એ.બી, એસ.એફ.બી અને પી.બી સહિત ની તમામ બેન્કો દ્વારા થાપણ વીમો પૂરો પાડવામાં આવે છે,.

**પરંતુ કેટલીકવાર આર .બી.આઈ દ્વારા કેટલીક બેંન્ક અથવા અન્યને બંધ કરવા નાં સમાચાર આવે છે. તો તેમાં મુકેલી મારી થાપણો નું શું ? હું એક નાનો થાપણદાર છું.**

તમારી થાપણો ચોક્કસ મર્યાદા સુધી (હાલ `1 લાખ) સુધી વીમાથી આવરિત છે અને બેંકની નિષ્ફળતાના કિસ્સામાં તમને તે પાછા ચૂકવવામાં આવે છે.

**પરંતુ મારી થાપણોનું રક્ષણ કોણ કરે છે?**

તમારી થાપણો ડિપોઝિટ ઇન્શ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (ડી.આઇ.સી.જી.સી) દ્વારા વિમાથી આવરિત કરવામાં આવે છે. તે આરબીઆઈની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.

**તે તો ઠીક છે પરંતુ કોર્પોરેશન કેટલું પ્રીમિયમ લેશે ?**

તમારે કોઈ પણ પ્રીમિયમ ચૂકવવાની જરૂર

**કૃપા કરીને મને તમારી વીમા પધ્ધતિ વિશે ટૂંકમાં જણાવો**

- આ યોજના તમામ પ્રકાર ની થાપણોને સુરક્ષિત કરે છે (દાખલા તરીકે, બચત, ફિક્ષ , રિકરિંગ, વગેરે). પરંતુ એમાં વિદેશી સરકાર, કેન્દ્ર અને રાજ્ય સરકાર , અથવા અન્ય કોઈ બેંક ની થાપણો અથવા ભારતની બહારની કોઈ પણ થાપણોનો સમાવેશ થતો નથી.
- દરેક થાપણદારને બેંન્ક ના લાઇસન્સની રદબાતલ/રદ કરવાની તારીખ નાં રોજ રહેલ બાકી મુદ્દલ, ઉપાર્જિત વ્યાજ સહિત અધિક તમ ટોચ મર્યાદા (હાલમાં `1 લાખ) સુધી કોર્પોરેશન દ્વારા પતાવટ કરવામાં આવે છે.
- ઉપરોક્ત ટોચ મર્યાદાના હેતુ માટે , નિષ્ફળ થયેલ બેંકની તમામ શાખાઓમાં ખાતાધારક ના (તે જ ક્ષમતા અને તે જ અધિકારમાં રહેલ) તમામ ડિપોઝિટ ખાતા , એકત્રિત કરાય છે. જો કે તે જ ક્ષમતામાં લીધેલ લોન્સ ને એ થાપણો સામે વ્યાજ સહિત વસૂલ કરવામાં આવે છે અને તે પછી જ દાવાનું સમાધાન થાય છે. વધુમાં, જુદી જુદી બેન્કો અને જુદા જુદા અધિકારો અને ક્ષમતાઓ સાથે જાળવી રાખેલી

| | |
|---|---|
| નથી. જોકે ડી.આઈ.સી.જી.સી. બેન્કો પાસેથી નજીવું પ્રીમિયમ વસૂલ કરે છે.<br>**જો આપણી બેંકિંગ પ્રણાલી મજબૂત હોય, તો પછી અમારે  થાપણ વીમાની શું જરૂર છે ?**<br>થાપણ વીમો એ એક વધારાનું સુરક્ષા પગલું છે કે જે, બેંક ફડચામા જાય એવી અણધારી પરિસ્થિતિમાં તમારી થાપણોના રક્ષણ માટે પૂરું પાડવામાં આવેલ છે. | ડિપોઝિટનું એકત્રીકરણ કરવામાં આવતું નથી. ઉદાહરણ તરીકે , એક જ બેંકમાં , મિસ્ટર "એ" દ્વારા તેમની વ્યક્તિગત ક્ષમતામાં અને અન્ય એક ખાતામાં પેઢીના ભાગીદાર તરીકે , થાપણ વીમાના હેતુ માટે બે અલગ અલગ ખાતા તરીકે ગણવામાં આવે છે અને દરેક ખાતું `1 લાખનાં અલગ વીમા માટે માન્ય છે. એ જ રીતે , જો શ્રી “**એ**” , અને શ્રી “**બી**” , સંયુક્ત રીતે એક એકાઉન્ટમાં પ્રથમ હોલ્ડર તરીકે શ્રી “**એ**”, અને બીજા ખાતામાં પ્રથમ ધારક તરીકે શ્રી “**બી**” સાથે બે એકાઉન્ટ ધરાવે છે તો પછી આ બે એકાઉન્ટ્સ , (એટલે કે એ + બી અને બી + એ) , થાપણ વીમા હેતુ માટે બે અલગ ખાતા તરીકે ગણવામાં આવશે. |

## <<IMAGE>> મનની શાંતિ <<IMAGE>>

| | |
|---|---|
| **શું અન્ય કોઇ વીમા દાવા ની જેમ મારે ચોક્કસ સમયગાળા દરમિયાન દાવો કરવો પડશે ?**<br>ના. થાપણદારે કોઈ દાવો કરવાની જરૂર નથી. બેંક નિષ્ફળતાની અશક્ય એવી ઘટનામાં, સત્તાવાર ફડચા અધિકારી તેના / તેણીના ફડચા અધિકારી તરીકે પદગ્રહણ કર્યા નાં ત્રણ મહિનાની અંદર તમારા વતી દાવો કરશે અને ડીઆઈસીજીસી, ફડચા અધિકારી પાસેથી દા વો પ્રાપ્ત થયાના બે મહિનાની અંદર માન્ય વીમાનાં દાવાઓ ચૂકવવા | **બેન્ક થાપણો માટે સલામતી નાં પગલા**<br><br>**<<IMAGE>>**<br><br>ડીઆઈસીજીસી, દરેક બેંકમાં ની `1 લાખ સુધી ની તમારી થાપણોને સુરક્ષિત રાખે છે. |

માટે બંધાયેલ છે.

**આ સિવાય મારે બીજું શું જાણવું જોઈએ ?**

એક બેંકના ખાતાધારક તરીકે તમને ખબર હોવી જ જોઈએ કે તમારા મહેનત કરીને કમાયેલ નાણાં કેટલા સલામત છે જેથી તમે તમારા જોખમોનું સંચાલન કરી શકો. જે બેન્કમાં તમે તમારા નાણા મૂકી રહ્યા છો તે ડીઆઇસીજીસી દ્વારા વીમા થી આવરિત બૅન્કોની સૂચિમાં દેખાય છે કે કેમ તેની તમે તપાસ કરી શકો છો . ખાતું ખોલવા માટે તમારે તમામ કે.વાય.સી. આવશ્યકતાઓનું પાલન કરવું પણ જરૂરી છે અને થાપણો સ્વીકારતી બેંકને સંપૂર્ણ માહિતી આપવી , જેથી જરૂર પડે ડીઆઇસીજીસી દ્વારા વિલંબ વગર દાવાની પતાવટ થઇ શકે.

**થાપણ વીમા વિશે અંગે હું કેવી રીતે વધુ જાણી શકું ?**

DICGC ની વેબસાઇટ https://www.dicgc.org.in પર થી તમે વધુ વિગતો શોધી શકો છો.

અથવા જો તમારે કોઈ વિશિષ્ટ જાણકારી જોઇએ તો dicgc@rbi.org.in ને ઇ-મેઇલ કરો:

ડિપોઝિટ ઇન્શ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન
(ડીઆઇસીજીસી)
રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, બીજો માળ ,
મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન સામે ,
ભાયક્લા, મુંબઈ -૪૦૦,૦૦૮
ટેલી. નંબર: (૦૨૨) ૨૩૦૮ ૪૧૨૧

<<IMAGE>>

ડિપોઝિટ ઇન્સ્યોરન્સ
અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન

ભારતીય રિઝર્વ બેંક ની સંપૂર્ણ
માલિકીની પેટાકંપની